જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૫/૧૧/૨૦૧૪ શનિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-</u>** **<u>સમાચાર યાદી ૨૮૦૧/૧૪</u>**

## હિન્દુ યુવતીઓને ફેસબુકમાં રાજ મલ્હોત્રા નામ જણાવી પ્રેમ સંબંધની જાળમાં ફસાવનાર વિધર્મી યુવાનની ક્રાઇમ બ્રાન્ચે કરેલ અટકાયત.

સંયુકત પો.કમિશ્રી, ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર તથા ના.પો.કમિ.શ્રી, ક્રાઇમ બ્રાન્ચ નાઓની સુચનાથી તથા સાયબર સેલના મ.પો.કમિ.શ્રી કે.એન.પટેલ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ સાયબર સેલના પો.ઇન્સ.શ્રી એચ.એ.રાઠોડ સાહેબે હિન્દુ સમાજની છોકરીઓને હિન્દુ હોવાનુ કહી પ્રેમ જાળમાં ફસાવી બ્લેક મેઇલ કરતા આરોપી નામે રાજ મલ્હોત્રા ઉર્ફે ફૈસલ કુરેશી રહે. મકાન નં.૨૨/૫૦૭, પરીક્ષીતલાલનગર, બહેરામપુરા, અમદાવાદ ને પકડી અટક કરેલ છે.

આ કામમાં હકિકત એવી છે કે, આ કામના ફરિયાદીબેન અમદાવાદ શહેરના પશ્ચીમ વિસ્તારમાં રહે છે અને આજથી પાંચેક વર્ષ પહેલાં તેઓને રાજ મલ્હોત્રા નામના એક યુવક સાથે ઓળખાણ થયેલ હતી. અમારી વચ્ચે વાતચીત દરમ્યાન રાજ મલ્હોત્રાએ પોતે હિન્દુ હોવાનુ જણાવેલ હતુ અને હિન્દુ યુવતી સાથે પ્રેમ સંબંધ બાંધેલ. જે પછી બંને એકબીજા સાથે મો.ફોનથી વાતો કરતા હતા. આ રાજ મલ્હોત્રા મો.ફોનથી વાત કરતો હતો તે સલામ અલયકુમ તેમ કહી હિન્દી ભાષામાં વાત કરતો હતો જેથી યુવતીને પુછપરછ કરતા તે મને કહેતો હતો કે, મુસ્લીમ મિત્રો હોય તો તેમની સાથે સંબંધ સાચવવા માટે આ રીતે વાત કરવી પડે તેમ કહેતો હતો. જે પછી સોશ્યલ મીડીયા ફેસબુકમાં જોતા રાજ મલ્હોત્રા નામની એક પ્રોફાઇલ હતી, જેમાં બધા મુસ્લીમ યુવકોને ફ્રેન્ડ્સ બનાવવામાં આવેલ હતા, અને તેમા રાજ મલ્હોત્રાનો ફોટો હતો, તે વખતે આ રાજ મલ્હોત્રા હિન્દુ નહીં પણ મુસ્લીમ હોવાની યુવતીને ખબર પડેલ. જે પછી આ રાજ મલ્હોત્રા એ પોતે મુસ્લીમ હોવાનુ સ્વીકારેલ અને તેનુ નામ ફૈસલ કુરેશી અને પરીક્ષીતલાલ નગર બહેરામપુરા ખાતે બ્લોક નં.૨૨/૫૦૭ મા રહેતો હોવાનુ જણાવેલ. જે પછી યુવતીએ આ રાજ ઉર્ફે ફૈસલ ને મળવાનુ ઓછું કરી દીધેલ અને તેને બોલાવવાનુ બંધ કરી દીધેલ. તો આ ફૈસલે યુવતીની બિભત્સ વીડીયો કલીપીંગ્સ ગમે તે રીતે ઉતારી પોતાની પાસે રાખેલ હોવાનુ જણાવેલ. જે પછી તે સતત યુવતીને ફોન કરી હેરાન કરી ધમકીઓ આપતો હતો, અને જો યુવતી તેની સાથે સંબંધ નહીં રાખે તો તે યુવતીની બિભત્સ કલીપીંગ્સ ફેસબુક પર તથા પોર્નગ્રાફીક સાઇટસ પર મુકી દેવાની ધમકી આપેલ તેમજ જો પોલીસ કેસ કરીશ તો તે જેલમાંથી છુટયા પછી મારા મોંઢા પર એસીડ નાંખી દેશે તેવી ધમકીઓ આપતા હતો. તેમજ આ યુવતીના મમ્મી પપ્પાને ફોન કરી તમારી છોકરી મારી સાથે સંબંધ નહીં રાખે તો હુ તેને સમાજમાં બદનામ કરી નાંખીશ અને તમારા ઘરે આવી ઝઘડો કરી ભવાડો કરી તમને સમાજમાં બદનામ કરી નાંખીશ તેવી ધમકીઓ સતત આપતો હોઇ આ યુવતીએ અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ સાયબર સેલમાં આવી પોસઇશ્રી બી.એચ.કોરોટ નાઓ સમક્ષ રજુઆત કરતા આ બાબતે ગુનો દાખલ કરવામા આવેલ છે.

સદરી આરોપી રાજ મલ્હોત્રાની પાસેના મો.ફોનની વિગતો તપાસતા મજકુરે હિન્દુ નામવાળી સંખ્યાબધ્ધ યુવતીઓને ફેસબુકમાં તથા સ્કાઇપ અને અન્ય વેબસાઇટ પરથી ફ્રેન્ડ રીકવેસ્ટ તથા **Hi Hello** લખેલ મેસેજો કરેલાનુ જણાઇ આવેલ છે. જે ઇસમે કેટલી યુવતીઓને આ રીતે ખોટા નામે ફસાવેલ છે તે બાબતે આગળની વધુ તપાસ પો.ઇ.શ્રી એચ.એ.રાઠોડ સાહેબે હાથ ધરેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.